# પ્રાંતિજમાં ખાણ-ખનિજ વિભાગનો સપાટો

## પ્રાંતિજમાં ગેરકાયદેસર ખનિજ ચોરી કરતા ઓવરલોડ દસ વાહનો ઝડપાયા : ખનિજ ચોરોમાં નાસભાગ

પ્રાંતિજ, તા. ૧૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા પાસે આવેલ નદીમાં અને નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાન્ત અધિકારી, મામલતદાર અને ખાણખનીજ ટીમ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરતા ઓવરલોડ ટ્રકો તથા ટ્રેક્ટરો પકડતા ખનીજ ચોરોમાં નાશભાગ મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકાના સીતવાડા પાસે પ્રાંતિજ-તલોદના પ્રાન્ત અધિકારી એ.આર. ચૌધરી પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા તથા ખાણખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર કે.કે. વ્યાસની સંયુક્ત ટીમો દ્વારા વહેલી સવારે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સીતવાડા સાબરમતી નદી પાસેથી છ ટર્બા અને નેશનલ હાઈવે આઠ પાસેથી એક ટર્બો અને બે ટ્રેક્ટર તથા સલાલ હાઈવે પાસેથી એક ટ્રેક્ટર મળી કુલ સાત ટર્બા અને ત્રણ ટ્રેક્ટર ચેકિંગ દરમ્યાન ઓવરલોડ મળી આવતા જેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરવામાં આવ્યા હતા. જ્યારે વહેલી સવારે ઓચિંતી રેડ હાથ ધરવામાં આવતા ખનીજ ચોરીમાં નાશભાગ મચી જવા પામી હતી અને કેટલાક ખનીજચોરો ભુગર્ભમાં ઘુસી ગયા હતા.

જ્યારે પ્રાન્ત અધિકારી અને મામલતદાર ટીમ દ્વારા ઓવરલોડ પકડાયેલા ટ્રકોના નંબરો જીજે૧૮ એયુ. ૮૮૯૬, જીજે૧૮એટી. ૯૮૬૨, જીજે૯ઝેડ.૭૩૨૨, જીજે૧૮એવી.૯૨૫૯, જીજે૧૮ એયુ.૮૨૩૧, જીજે૧ડીટી.૮૯૪૧ જ્યારે ખાણખનીજ રોયલ્ટી ઈન્સ્પેક્ટર ટીમ દ્વારા પકડાયેલ ટ્રક નં. જીજે૯ઝેડ૭૫૮૯ તથા ટ્રેક્ટર જીજે૯એએફ.૯૪૪૫, જીજે૯એજડી.૫૩૫૨ તથા એક નવું ટ્રેક્ટર છે જેનો ચેચીસનંબર ડબલ્યુયુટીકે ૩૧૪૯૧૧૨૩૦૯.





# ઠંડીના આગમન સાથે કચરીયાની ઘાણી પર ગ્રાહકોનો ધસારો

મોડાસા, તા. ૧૭ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં શિયાળાના આગમન સાથે શક્તિવર્ધક અને આરોગ્યવર્ધક તેમજ ઠંડી સામે રક્ષણ આપતા કચરીયાઓની ઘાણીઓ પર વિવિધ વસ્તુઓ બનાવાતી હોય લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે હોંશે હોંશે કચરીયું અને વસાણાની ખરીદી કરવા લાગી ગયા છે. હાલ ઠેર ઠેર બજારોમાં સ્વાસ્થ્યવર્ધક કચરીયું બનાવવાની ઈલેક્ટ્રીક ઘાણીઓ શિયાળામાં વધારે ખવાતુ હોય છે. કોપરુ, તલ, સુકો મેવો જેવી વસ્તુઓનું મિશ્રણ કરીને પણ વસાણુ બનાવવામાં આવે છે જે શરીર માટે લાભકારક ગણાય છે, જયારે આબાલ, વૃદ્ધ સૌ કોઈ શિયાળાની



ગ્રાહકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. હાલ શિયાળાની ઋતુમાં ઠંડીએ પોતાનો પરચો બતાવવાનો શરૂ કરી દીધો છે ત્યારે લોકો પોતાના આરોગ્યની ચિંતા કરી ઠંડી સામે રક્ષણ મેળવવા માટે કચરીયા અને વસાણા જેવા આરોગ્યપ્રદ ખોરાકનો ઉપયોગ કરે છે. કચરીયાની ઘાણીઓ લાગી ગઈ છે. જો કે કોઈક જગ્યાએ દેશી બળદવાળી પદ્ધતિથી પણ કચરીયુ બનાવતી ઘાણીઓ પણ જોવા મળે છે.

ગઈ સાલની સરખામણીમાં કચરીયાના ભાવમાં કઈ ખાસ ફરક ન હોવાથી લોકોની લાઈનો લાગે છે. કચરીયા સિવાય વસાણુ પણ ઠંડીમાં કચરીયા અને વસાણુ ખાઈ શરીર તંદુરસ્ત બનાવે છે. ગામડાઓમાં આટલી કાળઝાળ મોંઘવારીમાં પણ પશુપાલકો અને ખેડૂતો ભેંસો, ગાયો અને બળદો માટે પણ કચરીયું બનાવી પશુઓની સ્વાસ્થ્યની ચિંતા કરી આરોગ્યવર્ધક ખોરાક આરોગાવે છે.

## ડીસામાં ૨૦ના સ્ટેમ્પની અછત વચ્ચે વેન્ડરો દ્વારા ઉઘાડી લૂંટ

ડીસા શહેરમાં છેલ્લા બે માસથી રૂા. ૨૦ના સ્ટેમ્પની અછત વચ્ચે સ્ટેમ્પ વેન્ડરોની ઉઘાડી લૂંટ ચાલી રહી છે. જેના કારણે વિવિધ કામો માટે અરજદારોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

ડીસા શહેરમાં અત્યારે રૂા. ૨૦ ના સ્ટેમ્પની અછત વચ્ચે સ્ટેમ્પ વેન્ડરો ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા છે. કોઈ સ્ટેમ્પ લેવા માટે આવે ત્યારે વેન્ડરો પોતાને ત્યાં જ લખાણ કરાવે તોજ સ્ટેમ્પ આપે છે. લખાણ કર્યા વિનાના કોરા સ્ટેમ્પ આપતા નથી. જેના કારણે અરજદારો રૂા. ૨૦ ને બદલે વધારે કિંમતના સ્ટેમ્પ ખરીદવા મજબુર બની રહ્યા છે. વળી કેટલાક સ્ટેમ્પ વેન્ડરો માનવતાને નેવે મુકી લાખણી ખાતે ડબલ ભાવમાં સ્ટેમ્પ વેચી રહ્યા છે. સ્ટેમ્પની શોટેજ અને સ્ટેમ્પ વેન્ડરો દ્વારા થઈ રહેલી ઉઘાડી લૂંટ તેમજ મનસ્વી નિતી વિરૂધ્ધ પ્રાંત ઓફીસરને રજુઆત કરવા છતાં આજ સુધી કોઈ પગલા ભરાયા નથી અને સ્ટેમ્પ વેન્ડરો પોતાની મનમાની ચલાવી રહ્યા છે.

# ખેડબ્રહ્માની હરણાવ નદીમાં બે રોકટોક રેતીની ચોરી

## રોયલ્ટી પાસ પરમીટ વગરનાં બે ટ્રેક્ટર ખાણ ખનીજ વિભાગે જપ્ત કર્યા

ખેડબ્રહ્મા, તા.૧૭ ખેડબ્રહ્માની હરણાવ નદીમાંથી ખનીજ ચોરી થતી હોવાની બાતમી હિંમતનગર ખાણ ખનીજ વિભાગને મળતા ગુરુવારે સવારે તપાસ હાથ ધરતાં નદીમાં ગેરકાયદે ખનીજ ચોરી કરી રહ્યા હતા તેથી સુપરવાઈઝરે સાદી રેતીના ભરેલા બે ટ્રેક્ટર ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં ખનીજ ચોરી બેફામ બની છે. નદીઓમાંથી પાસ પરમીટ વગર ગેરકાયદે ખનીજ ચોરી કરી સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન કરાવે છે ત્યારે ખેડબ્રહ્માના મધ્યમાંથી પસાર થતી હરણાવ નદીમાંથી ખનીજ ચોરી થતી હોવાની બાતમીના આધારે હિંમતનગર ખાણ ખનીજ વિભાગના સુપરવાઈઝર તથા સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરાતાં નદીમાં બે ટ્રેક્ટરમાં સાદી રેતીની ચોરી થતી હતી જે ખાણ ખનિજ વિભાગે ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે. ખાણ ખનીજ વિભાગની તપાસને લઈ અન્ય ખાલી ટ્રેક્ટર ચાલકો ઉભી પુંછડીએ નાસી છુટયા હતા. હરણાવ નદીમાં બે સાદી રેતીનાં ટ્રેક્ટર ઝડપાઈ જતા નદીમાંથી ખનીજ ચોરી કરતા વાહન ચાલકોમાં ભય પ્રસરી જવા પામ્યો છે.



રેતી ચોરી કરતા ઝડપાયેલા ટ્રેક્ટર જી.જે. ૦૯ ઈ ૯૭૮૦ મનીષ ભુરાભાઈ પારધી (ચાલક), નરસીભાઈ કચરાભાઈ ભાંભી (માલિક), જીજે ૦૯ ઈ ૧૯૩૩ દિલિપ મનગભાઈ પારધી (ચાલક), જસાજી લાડુજી ઓઢ (માલિક)

## ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડની વ્ય. કમિટીની મીટીંગ મંગળવારના રોજ સંતોકબા ધર્મશાળામાં મળી હતી. જેમાં મંડળના પ્રમુખ તરીકે કીર્તીકુમાર ઉમિયાશંકર જોષી, ઉપપ્રમુખ તરીકે મહોબતસિંહ કે. રહેવર, મંત્રી તરીકે છત્રસિંહ એમ. સોલંકી, સહમંત્રી તરીકે ફૂલજીભાઈ કે. પટેલ, પ્રચાર મંત્રી તરીકે ગોવિંદભાઈ કે. પરમાર તથા આંતરીક ઓડિટર તરીકે ઈન્દ્રવદન એલ. વોરાની ત્રણ વર્ષ માટે વરણી કરવામાં આવી હતી. કીર્તીકુમાર યુ. જોષીની સતત પાંચમી ટર્મ માટે પ્રમુખ તરીકે બીનહરીફ વરણી થતાં સભ્યોએ તેમની સેવાઓને બિરદાવી હતી.

## ખેડબ્રહ્મામાંથી બાઈક ચોરાયું

ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર જવાના ઢાળ ઉપર રહેતા સંજયકુમાર છગનલાલ ચૌહાણનું બાઈક નંબર જીજે ૦૯ એએમ ૯૬૮૧ બુધવારે રાત્રે ૯ થી ૧૦ના સમય દરમિયાન કોઈ ચોર ઈસમો બાઈકની ચોરી કરી નાસી છુટયા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ૩૧ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી સુધી રવિ કૃષિ મહોત્સવ યોજાશે

પાલનપુર, તા. ૧૭ બનાસકાંઠા જિલ્લામાં આગામી તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ થી ૪ જાન્યુઆરી ૨૦૧૬ દરમ્યાન રવિ કૃષિ મહોત્સવ યોજાનાર છે. કૃષિ મહોત્સવના સફળ આયોજન માટે પાલનપુર મુકામે કલેક્ટરશ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ અધિકારીઓને માર્ગદર્શન અને સુચના આપતા જણાવ્યું હતું કે દરેક તાલુકામાં રવિ કૃષિ મહોત્સવ સારી રીતે યોજાય અને વધુમાં વધુ ખેડૂતો કૃષિ મહોત્સવનો લાભ લે તે માટે આત્મા અને ખેતીવાડી ખાતાએ સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે. તેમણે કહ્યું કે કૃષિ મહોત્સવના સ્થળે ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન મળે તેવા સ્ટોલ અને તેને લગતી માહિતી ખેડૂતોને આપવાની રહેશે. તેમણે કહ્યું કે આધુનિક ખેત પદ્ધતિઓ વડે જેમણે સફળતા પ્રાપ્ત કરી છે તેવા પ્રગતિશીલ ખેડૂતોનું સન્માન કરવામાં આવશે. તથા કૃષિના વૈજ્ઞાનિકો દ્વારા આધુનિક ખેતી અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે.

ખેતીવાડી ખાતાના અધિકારીશ્રીએ જણાવ્યું કે કૃષિ વિભાગની યોજનાઓનો લાભ મેળવવા જે ખેડૂતો દ્વારા આઈ કિસાન પોર્ટલ પર અરજી કરવામાં આવી છે તે ખેડૂતને કૃષિ, બાગાયત અને પશુપાલન ખાતાની યોજનાઓની સહાયના ચેકનું વિતરણ કરવામાં આવશે. જિલ્લા રજીસ્ટ્રારની કચેરી અને બેંકો દ્વારા ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ અને લોન મંજૂર થયેલ હોય તેવા ખેડૂતોને મંજુરીના હૂકમો એનાયત કરવામાં આવશે.

પશુપાલન કચેરી દ્વારા ૬ બકરા યુનિટ, ૧૦ કેટલ શેડ સહાય અને ૧૮૧ લાભાર્થીઓને ચાપકટરની સહાય ચૂકવવામાં આવશે.

# અરવલ્લી જિલ્લામાં ચાર પી.એસ. આઈ.ની અન્ય જિલ્લામાંથી બદલી કરાઈ

## ગાંધીનગરથી ત્રણ અને મહેસાણાથી એક પો.સ.ઈ.ની વરણી થતા પ્રજામાં આનંદ

ધનસુરા, તા. ૧૭ અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પોલીસ ખાતામાં મહત્વની જગ્યાઓ ખાલી હતી તે વાત ધ્યાનમાં રાખી રેંજ આઈજી હસમુખ પટેલનાં પ્રયત્નોથી અરવલ્લી જિલ્લામાં ચાર જેટલા પો.સ.ઈ.ની વરણી કરવામાં આવી છે જે એ.એસ. પટેલ એન.જે. જાડેજા અને સી.બી. ચૌહાણને ગાંધીનગરથી અરવલ્લી ખાતે બદલી કરીને મુકવામાં આવ્યા છે. જ્યારે એન.એમ. ચૌધરીને મહેસાણા ખાતેથી અરવલ્લી ખાતે બદલીના આદેશ કરાયા હોવાની માહિતી આધારભૂત વર્તુળોમાંથી મળેલ છે.

અરવલ્લી જિલ્લામાં ચાર પો.સ.ઈ.ની વરણી થતા મેઘરજ અને સાઠંબા પો. સ્ટેશનની ખાલી જગ્યાઓ ઉપરાંત રીડર બ્રાંચ, એલસીબી બ્રાંચ અને એસઓજી બ્રાંચ જે હાલ ઈન્ચાર્જ અધિકારીઓથી ચાલી રહી છે તે ખાલી જગ્યાઓ પર અધિકારીઓની વરણી થાય તેવી શક્યતાઓ છે. જિલ્લાનાં નાગરિકોએ આ અંગે રેંજ આઈજીનો આભાર માન્યો હતો.

# મોડાસા યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ દ્વારા શહેરના ઝુંપડપટ્ટીવાસીઓને ધાબળાનું વિતરણ

મોડાસા, તા. ૧૭ ઉત્તર ભારત અને જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ઘણાં દિવસોથી થઈ રહેલી હિમવર્ષાના પગલે ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસ ડિગ્રીમાં પહોંચી ગયું છે, ત્યારે બદલાયેલા વાતાવરણની અસર



સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી છે. અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં શીતલહેર અને ઠંડીનો ચમકારો સતત પાંચ દિવસથી રહેતા જનજીવનને માઠી અસર પહોંચી છે. ત્યારે મોડાસા શહેરના મુખ્યમાર્ગો પરની બાજુમાં ઝુંપડા બાંધીને રહેતા પરિવારો ઠંડીથી ઠુંઠવાઈ રહ્યાનું ધ્યાન પર આવતા મોડાસા શહેર અને જિલ્લામાં સેવાકિય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ દ્વારા ઠંડીથી રક્ષણ આપતા ધાબળાનું વિતરણ કરતા ઝુંપડપટ્ટીવાસીઓના ચહેરા પર અનેરી ખુશી જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી સતત તાપમાનનો પારો ગગડતા જિલ્લાના વાતાવરણમાં ઠંડીના પ્રમાણમાં અસહ્ય વધારો થતાં જિલ્લાના પ્રજાજનો ઠંડીથી તોબા પોકારી ઉઠ્યા છે.

જિલ્લામાં શીતલહેરી પવનોથી પ્રજાજનો, પશુ-પંખીઓ પ્રભાવીત જોવા મળી રહ્યા છે. મોડાસા શહેરના પ્રજાજનો ઠંડીથી રક્ષણ મેળવવા રહેઠાણોમાં પુરાઈ રહેવાનું પસંદ કરી રહ્યા છે ત્યારે શહેરના માલપુર રોડ પર અને ખુલ્લામાં મજબુરીની જીંદગી જીવી રહેલા ગરીબોના વ્હારે યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ નામની સેવાકીય સંસ્થા આવી હતી. આ સંસ્થાના પ્રમુખ ગરીબોને ૫૦થી વધુ ગરમ ધાબળા અપાતા ઝુંપડપટ્ટીવાસીઓમાં આનંદ છવાયો હતો. આ સેવાકીય ભગીરથ કાર્યમાં મહંત બાલકદાસ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર, મંત્રી રાકેશભાઈ જોષી, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય જીગર મહેતા, નિતીનભાઈ પંડ્યા સહિતના અગ્રણીઓ તેમજ સંસ્થાના કર્મચારીઓ જોડાયા હતા. યોગીકૃપા ખાદી ગ્રામઉદ્યોગ દ્વારા ઝુંપડપટ્ટીવાસીઓને કરાયેલા ધાબળા વિતરણની સરાહના કરી હતી.






# મોડાસામાં બ્રહ્માકુમારી વિદ્યાલયના વરદાની ભુવનનું ઉદ્‌ઘાટન કરાયું

મોડાસાસ્થિત બ્રહ્માકુમારી વિદ્યાલયના નવા વરદાની ભુવનનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્ય ઝોન ઈન્ચાર્જ બ્રહ્માકુમારી સરલાદીદીના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે સબઝોન ઈન્ચાર્જ બ્રહ્માકુમારી ચંદ્રીકાબેન તથા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મહેન્દ્રસિંહ રાજપુરોહિત તથા બ્રહ્માકુમારી પરિવારના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શહેરમાં સૌપ્રથમવાર આધ્યાત્મિક મેળાનું પણ આયોજન કરાયું છે. જેમો ૧૨ જ્યોર્તિલિંગ, સ્વર્ગ, કુંભકર્ણ, હનુમાનજી વગેરેની નયનાકર્ષક મૂર્તિ તથા વ્યસનમુક્તિના સ્ટોલ વિશેષ આકર્ષણ જમાવી રહ્યા છે. બ્રહ્માકુમારી ગાઈડ ભાઈ-બહેનો મેળામાં સમજૂતી આપે છે. જેનો મોટી સંખ્યામાં શહેરીજનો તથા ગ્રામ્ય વિસ્તારની જનતા લાભ લઈ રહી છે. ૧૮મી તારીખ સુધી વિનામૂલ્યે મેળો ખુલ્લો રહેશે. તેમજ ૨૦ ડિસેમ્બરથી ૨૬ ડિસેમ્બર સુધી બ્રહ્માકુમારી કેન્દ્ર ઉપર રાજયોગ શિબિરનું પણ આયોજન કરાયું છે. મોડાસામાં બ્રહ્માકુમારી વિદ્યાલયના નવા વરદાની ભુવનના મેળો જોવા લોકોનો ભારે ધસારો રહ્યો હતો.